# પ્રાંતિજ પાલિકા દ્વારા નિયમિત સફાઈ ન થતાં રહીશો ત્રાહીમામ

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજ શહેરમાં આવેલ વિવિધ સોસાયટીના રહીશો અને કોમર્શીયલ કોમ્પ્લેક્ષના વેપારીઓ દ્વારા પ્રાંતિજ નગરપાલિકામાં નિયમિત રીતે સફાઈ વેરો ભરવામાં આવે છે છતાં પણ આ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા સાફ સફાઈ કરવામાં આવતી નથી આથી રહીશો અને વેપારીઓ રોષે ભરાયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ પ્રાંતિજના એપ્રોચ રોડ ઉપર આસપાસમાં અનેક સોસાયટીઓ આવેલી છે અને કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં અનેક દુકાનો આવેલી છે. આ વિસ્તારના રહીશો અને વેપારીઓ જો કે નિયમિત રીતે નગરપાલિકા સફાઈ વેરો વસુલે છે. પણ નગરપાલિકા દ્વારા સોસાયટીઓ અને કોમ્પ્લેક્ષની આસપાસ ગંદકીના ઢગ ખડકાય છે છતાં પણ સફાઈ કરવામાં ન આવતા લોકો રોષે ભરાયા છે. તંત્ર સમક્ષ અગાઉ પણ સફાઈ મુદ્દે રજુઆત કરવા છતાં પણ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી તેમજ પાલિકાના સફાઈ કામદારો દ્વારા નિયમિત આ વિસ્તારની સાફ સફાઈ થાય અને અત્યારે હાલનો કચરો તાત્કાલિક અસરથી દુર કરવામાં આવે તેવું રહીશોનું કહેવું છે.

# પાલનપુરમાં ફેન્સી નંબર રાખીને બિન્દાસ્ત ફરતા રોમિયો

પાલનપુર, તા.૧૭

પાલનપુર શહેર અને જિલ્લામાં ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો ખુબ મોટી સંખ્યામાં વધી જવા પામ્યા છે. આવા ફેન્સી નંબર પ્લેટવાળા વાહન ચાલકોને પકડી પોલીસ યોગ્ય કાર્યવાહી કરે તેવો લોકોમાં સૂર ઉઠવા પામ્યો છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વાહનોની નંબર પ્લેટ પર વાહન માલિકો ગોગા, રામ, પટેલ, સરપંચ જેવા વિવિધ શબ્દો દ્વારા આંકડાકીય માયાજાળ રચી અવનવું લખે છે અને નિયમનું ઉલ્લંઘન કરે છે. આવા તત્વો પોલીસ પાસેથી નીકળતા હોય છે. છતાં પોલીસ આવા વાહનમાલિકો સામે દંડનીય કાર્યવાહી કરતી નથી. ઘણીવાર ફેન્સી નંબર પ્લેટવાળા વાહન ચાલકો અકસ્માત કે યુવતિની છેડતી કરી બિન્દાસ્ત ભાગી છુટે છે. ત્યારે નંબર વાંચી શકાયો નથી તેમજ અન્ય વાહનોમાં પણ પ્રેસ, પોલીસ, ગર્વમેન્ટ ઓફ ગુજરાત, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા લખેલા વાહનોમાં પણ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ થતી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આથી આવા ફેન્સી નંબર પ્લેટવાળા વાહનો પર આર.ટી.ઓ. તંત્ર જાગી સત્વરે પગલા ભરે તેમ પાલનપુરના શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

# શાહીબાગમાં અસ્થિર મગજના યુવાને પોલીસ ઉપર હુમલો કર્યો

## જાહેરમાં છરી લઈ ફરી રહેલા યુવાનને કાબુમાં લેવા જતાં હુમલો

અમદાવાદ, તા. ૧૭

શહેરના શાહીબાગ વિસ્તારમાં ખુલ્લેઆમ છરી લઇ ફરી રહેલા મંદબુદ્ધિ યુવાનને કાબૂમાં લેવા ગયેલા પોલીસ કોન્સ્ટેબલ ઉપર યુવાને છરી વડે હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઇ હતી. જો કે ફરજ પર હાજર અન્ય બીજા પોલીસ કર્મીઓએ તાત્કાલિક અસ્થિર મગજના યુવાનને પકડી લીધો હતો. જ્યારે ઘાયલ થયેલા પોલીસ કોન્સ્ટેબલને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી દીધા હતા. શાહીબાગ પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતે માહિતી એવી છે કે શાહીબાગ પોલીસ મથકના એએસઆઇ દિલીપસિંહ લક્ષ્મણસિંહ પોલીસ કોન્સ્ટેબલ કુણાલસિંહ ભગવાનસિંહ તથા સ્ટાફના માણસો આજે સવારે રાજસ્થાન હોસ્પિટલ પાસે આવેલા ઘેવર સર્કલ ખાતે વાહન ચેકિંગમાં હતા ત્યારે ત્યાંથી એક યુવાન ખુલ્લેઆમ છરી સાથે ફરી રહ્યો હતો.

યુવાનને છરી સાથે ફરતો જોઇ વાહન ચેકિંગ કરી રહેલી પોલીસ એલર્ટ થઇ ગઇ હતી. જ્યારે પોલીસ કોન્સ્ટેબલ કુણાલસિંહે યુવાનને છરી લઇ કેમ ફરી રહ્યો છે તેમ પૂછતા યુવાન અચાનક ઉશ્કેરાઇ ગયો હતો અને કોન્સ્ટેબલ કુણાલસિંહ ઉપર છરી વડે હુમલો કરી દીધો હતો. જેથી કુણાલસિંહને જમણા હાથમાં કોણીના ભાગે ઈજાઓ પહોંચી હતી. દરમ્યાનમાં ત્યાં હાજર અન્ય પોલીસ કર્મીઓએ તત્કાળ હુમલાખોર યુવાનને ઝડપી લીધો હતો.

જ્યારે ઘાયલ થયેલા કોન્સ્ટેબલ કુણાલસિંહને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી દીધો હતો. પોલીસ પૂછપરછમાં યુવાન અસ્થિર મગજનો હોવાનું તથા તેનું નામ ગીરિશભાઇ જાદવ (રહે. મેઘાણીનગર) જાણવા મળ્યું હતું. આ અંગે એએસઆઇ દિલીપસિંહે શાહીબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ૧૩ વર્ષની કિશોરીનું અપહરણ કરી જનારી મહિલા અંતે ઝડપાઈ

નારણપુરા ખાતેથી ૧૩ વર્ષિય કિશોરીનું પડોશમાં રહેતી મહિલા દ્વારા અપહરણ કરી જવાના કેસમાં નારણપુરા પોલીસને એક મોટી સફળતા હાથ લાગી છે. નારણપુરા પોલીસે અપહરણ કરનારી મહિલાના કોલ ડિટેઈલના આધારે તપાસ હાથ ધરી મહિલાની આણંદ ખાતેથી ધરપકડ કરી હતી.

નારણપુરા વિસ્તારમાં પડોશમાં રહેતી મહિલાએ ૧૩ વર્ષીય કિશોરીનું અપહરણ કરી લઈ ફરાર થઈ જતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ છે. પોલીસે ગુનો નોંધી નાસી છૂટેલી મહિલાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ઘટનાની મળતી માહિતી મુજબ જૂનાવાડજ સોહરાબજી કંપાઉન્ડ ખાતે આવેલા સોહરાબજી એપાર્ટમેન્ટમાં રહેતા અશોક વીરૂમલ ગોપલાણીએ નારણપુરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમની ૧૩ વર્ષીય પુત્રી રોશની ગત ૮ માર્ચના રોજ ઘરે એકલી હતી ત્યારે બપોરે બે વાગ્યાના અરસામાં બાજુમાં રહેતી સ્નેહા ઉર્ફે જ્યોતિ ઈશ્વરભાઈ પરમાર તેમના ઘરે આવી હતી અને તેમની પુત્રી રોશનીનું અપહણ કરી ફરાર થઈ હતી.

નારણપુરા પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી દરમિયાનમાં નારણપુરા પોલીસે સ્નેહા ઉર્ફે જ્યોતિના કોલડિટેલના આધારે તપાસ હાથ ધરતા સ્નેહા ઉર્ફે જ્યોતિનું મોબાઈલ લોકેશન આણંદ ખાતેનું બતાવતા પોલીસે ખાનગી રાહે આણંદ પોલીસને સાથે રાખી સ્નેહા ઉર્ફે જ્યોતિની ધરપકડ કરી ૧૩ વર્ષની રોશનીને તેના ચંગુલમાંથી આઝાદ કરાવી હતી.

# ખેડબ્રહ્મા નગરપાલિકાની સમિતિઓની રચના કરવામાં આવી

ખેડબ્રહ્મા, તા. ૧૭

શનિવારના રોજ ખેડબ્રહ્મા નગરપાલિકાની સામાન્ય સભા નગરપાલિકાના સભાખંડમાં પ્રમુખ વિનોદભાઈ આર. પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી. જેમાં અરવિંદભાઈ ઠક્કરની કારોબારી ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી.

આ સભામાં નગરપાલિકા ચિફ ઓફિસર દર્શનસિંહ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. ખેડબ્રહ્મા ખેતીવાડી બજાર સમિતિમાં અરવિંદભાઈ વિઠ્ઠલદાસ રાવલની નિમણૂંક કરવામાં આવી છે.

| નામ | સમિતિ |
|---|---|
| ઠક્કર અરવિંદભાઈ રામજીભાઈ | કારોબારી સમિતિ |
| રાવલ અરવિંદકુમાર વિઠ્ઠલદાસ | ટાઉન પ્લાનિંગ સમિતિ |
| ભાવસાર વસંતકુમાર ચંદુલાલ | જાહેર બાંધકામ સમિતિ |
| વણકર ગોવિંદભાઈ આશાભાઈ | દિવાબત્તી સમિતિ |
| પટેલ કલાબેન પ્રકાશચંદ્ર | આરોગ્ય અને ગટર વ્યવસ્થા સમિતિ |
| પટેલ વલ્લભભાઈ રણછોડભાઈ | પાણી પુરવઠા સમિતિ |
| પટેલ નરસિંહભાઈ કાનજીભાઈ | વસુલાત સમિતિ |
| વણઝારા લક્ષ્મીબેન મનુભાઈ | એસ.જે.એસ.આર. વાય સમિતિ |
| ભાંભી લીલાબેન પોપટલાલ | સામજીક ન્યાય સમિતિ |
| શાહ અર્ચનાબેન ચંપકલાલ | આકારણી સમિતિ |
| ભાંભી લીલાબેન પોપટલાલ | ગુમાસ્તા ધારા સમિતિ |
| ભૂરિયા પારસિંગભાઈ સૂરતાનભાઈ | શિક્ષણ સમિતિ |
| પટેલ વિનોદકુમાર રાજાભાઈ | મહેકમ સમિતિ |

# સીતવાડા ખાતે ગ્રાહક જાગૃતિ સંમેલન યોજાયું

પ્રાંતિજ, તા.૧૭

ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજ ઝાયન્ટ ગ્રુપ ઓફ સીતવાડા (બોરીયા)/ઓરણ અને શીવમ્ ઉત્તર બુનિયાદી વિદ્યાલય દ્વારા ચાલતી કન્ઝયુમર્સ કલબના સંયુકત ઉપક્રમે ગ્રાહક જાગૃતિ સંમેલન તા. ૧૫ માર્ચ ૨૦૧૩ના રોજ બપોરે ૧ કલાકે સનાતન આશ્રમ બોરીયા (સીતવાડા) ખાતે યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

ગ્રાહક જાગૃતિ સંમેલનમાં ઉપસ્થિત મહેમાનોમાં મામલતદાર એ.એચ. પ્રજાપતિએ ગ્રાહક હિત સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ ગ્રાહકોના હક, અધિકાર માટેનો અને ન્યાય મેળવવા માટેનો ઉત્તમ કાયદો છે. પરંતુ તેનો આપણે બરાબર ઉપયોગ કરતા નથી. ઘણીવાર તો જતું કરવાની આપણી ભાવનાને કારણે આપણે ખરીદીનું પાકું બીલ પણ લેતા નથી. જેથી ખરીદેલ વસ્તુ સારી ન નીકળે તો પણ આપણે ન્યાય મેળવી શકતા નથી માટે ખરીદેલી વસ્તુનું પાકું બીલ મેળવવાનો આગ્રહ દરેક વ્યકિતએ રાખવો જોઈએ તેમ જણાવ્યું હતું. વધુમાં તોલમાપ કચેરીના અધિકારી બી.એસ. મિસ્ત્રી અને એ.એન. મિસ્ત્રી દ્વારા તોલમાપની માહિતી પૂરી પાડવામાં આવી હતી. જયારે ખોરાક ઔષધ નિયમનના ફુડ ઈન્સ્પેકટર કૃણાલ પરમારે ખોરાકમાં થતી ભેળસેળ તેમજ તેમાં રાખવાની ચોકસાઈ અને દવાઓની ખરીદીમાં શું ધ્યાનમાં રાખવું તેની સવિસ્તાર માહિતી આપી હતી. આ પ્રસંગે સદગુરુ વસંતરામ મહારાજ, નાયબ મામલતદાર હરીસિંહ રાઠોડ, સિતવાડાના પૂર્વ સરપંચ બેચરસિંહ રાઠોડ, ઝાયન્ટ ગ્રુપના દશરથભાઈ પટેલ, ગ્રાહક હિત સુરક્ષા મંડળના પ્રમુખ નટુભાઈ બારોટ સહિત આજુબાજુના ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સાવચેતીના પગલાં છતાંય સ્વાઈન ફલૂનો આતંક જારી

## ગુજરાતભરમાં જાન્યુઆરી બાદથી સ્વાઈનફલૂના ૬૩૩ પોઝિટીવ કેસો : વધુ નક્કર પગલાં લેવા તાકિદની જરૂર

અમદાવાદ,તા. ૧૭

અમદાવાદ સહિત ગુજરાતમાં સ્વાઈનફલૂ રોગને રોકવાના સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં રોગ બેકાબૂ છે. દરરોજ સ્વાઈનફલૂથી લોકોના મોત થઈ રહ્યા છે. કેન્દ્રીય ટીમ પણ ગુજરાતના જુદા જુદા ભાગોમાં સ્વાઈન ફલૂ અંગે નિરીક્ષણ કામગીરી હાથ ધરી ચૂકી છે. છેલ્લા અઢી મહિનાના ગાળામાં જ ગુજરાતમાં સ્વાઈન ફલૂના કારણે ૧૧૮થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. પ્રથમ વખત રાજ્યના આરોગ્ય વિભાગે જરૂરી પ્રોટોકોલ છતાં લોકોને વહેલી તકે સારવાર મળે તેવા પ્રયાસો હાથ ધર્યા છે. જાન્યુઆરીની શરૂઆત બાદથી સ્વાઈન ફલૂના કારણે ૬૩૩ પોઝીટીવ કેસ નોંધાઈ ચૂક્યા છે. આ પૈકી ૩૭૧ કેસોમાં સારવાર થઈ છે. ૧૪૪ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે. અમદાવાદ શહેરની વાત કરવામાં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ત્રણ નવા કેસો નોંધાયા હતા.

રાજ્ય સરકારના જણાવ્યા મુજબ આ રોગથી રાજકોટ અને ભાવનગર જિલ્લામાં બે બે લોકોના મોત થયા છે જ્યારે બનાસકાંઠા, જામનગર અને ભૂજમાં એક એકના મોત થયા હતા. સૌરાષ્ટ્રના જુદા જુદા વિસ્તારોની મુલાકાત લીધા બાદ કેન્દ્રીય ટીમે પણ પરિસ્થિતીની સમીક્ષા કરી હતી. સ્વાઈન ફલૂને રોકવાના પ્રયાસો હજુ સુધી સફળ થયા નથી. દેશમાં જુદા જુદા રાજ્યો પણ આમા સંકંજામાં આવેલા છે જેમાં રાજસ્થાન, દિલ્હી, ચંદીગઢનો સમાવેશ થાય છે. ચંદીગઢ, રાજસ્થાનમાં પણ મોટી સંખ્યામાં લોકોના મોત આનાથી થયા છે.

# ખેડબ્રહ્મા નગરપાલિકાનું વર્ષ-૨૦૧૩-૧૪નું બજેટ સર્વાનુમતે મંજૂર



(તસવીર : રમેશભાઈ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખ વિનોદભાઈ આર. પટેલના અધ્યક્ષ સ્થાને શનિવારના રોજ મળેલી સામાન્ય સભામાં ૨૦૧૩-૧૪નું રૂ. ૨૦૪૫.૧૬ લાખનું બજેટ રજુ કરવામાં આવ્યું હતું. સત્તાધારી પક્ષ દ્વારા અનેક વિકાસના કામો હાથ ધરવામાં આવશે તેવો દાવો કરવામાં આવ્યો છે.

ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખ વિનોદભાઈના અધ્યક્ષ સ્થાને બજેટ રજુ કરવામાં આવ્યું હતું. કારોબારી ચેરમેન અરવિંદભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે શહેરમાં અનેક વિકાસના કામો કરવામાં આવશે જે ઝડપથી પૂર્ણ કરવામાં લક્ષ્મીપુરા ચાર રસ્તા પર પડતી ટ્રાફિક સમસ્યા માટે પણ નિકાલ કરવામાં આવશે. ટાઉન પ્લાનીંગ ચેરમેન અરવિંદભાઈ રાવલે જણાવ્યું કે સરદાર ચોકમાં આવેલ સર્કલનું નવીનીકરણ કરવામાં આવશે. જ્યાં ફુવારા લગાવવામાં આવશે.

વિરોધ પક્ષના નેતા પ્રવિણસિંહ સોલંકીએ બજેટને આંકડાકીય માયાજાળ ગણાવી હતી.

# ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં અપૂરતા સ્ટાફના લીધે સ્થાનિકજનો પરેશાન

## તાત્કાલિક સારવાર માટે ડોકટરો ન મળતા દર્દીઓને વેઠવી પડતી મુશ્કેલી

ખેડબ્રહ્મા, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં છેલ્લા ઘણા સમયથી જનરલ હોસ્પિટલમાં અપૂરતા કર્મચારીગણના લીધે રોજે રોજ આવતા દર્દીઓને હાલાકી વેઠવી પડી રહી છે. જરુરી સારવાર માટે ડોકટર ન મળતા અકસ્માતનો ભોગ બનેલા કે નાદુરસ્તીથી પીડા સહન કરતા લોકોને દૂર પ્રાઈવેટ દવાખાનામાં ઉંચી ફી આપીને સારવાર કરાવવા જવું પડે છે જેથી સ્થાનિકજનો નારાજગી અનુભવી રહ્યા છે.

ખેડબ્રહ્મા મોટું શહેર છે. જયાં મોટી સંખ્યામાં જનસમુદાય વસવાટ કરે છે. પ્રાથમિક સુવિધા અને સ્થાનિકજનોને જરુરી દવા અને દાકતરી સારવાર મળી રહે તે માટે જનરલ હોસ્પિટલ પણ તૈયાર કરવામાં આવી છે. પરંતુ તંત્રની બેદરકારી કહો કે ગેરસમજ...! ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ડોકટરની અછત વર્તાય છે. અંબાજીથી વડાલી સુધીમાં માત્રને માત્ર એક જ આ જનરલ હોસ્પિટલ આવેલી છે પરંતુ આ હોસ્પિટલમાં પૂરતા ડોકટરો ન હોવાથી સ્થાનિકજનોને અકસ્માત વખતે કે તાત્કાલિક સારવાર વખતે ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે. આકસ્મિક રીતે અકસ્માતનો ભોગ બનેલા લોકો તાત્કાલિક સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં આવે છે પરંતુ દર્દી હોસ્પિટલમાં પહોંચતા તાત્કાલિક તેને સારવાર મળતી નથી અને કયારેક તો દર્દીનું ગંભીર અકસ્માતથી તાત્કાલિક સારવાર ન મળતા મૃત્યુ પણ થાય છે. ડોકટરોની જો પુરતી સંખ્યા હોય અને જરુરી સ્ટાફ હોય તો અંબાજીથી વડાલી સુધીના લોકોને તાત્કાલિક સારવાર માટે હાલાકી ન ભોગવવી પડે... તંત્ર આ બાબતે જરુરી જાત તપાસ કરે તથા પુરતા પ્રમાણમાં ડોકટરની નિમણુંક કરી સ્થાનિકજનોની તકલીફ દૂર કરે તેવી સૌની લોક લાગણી અને હાર્દિક માગણી છે.

### પ્રદેશ કોંગ્રેસના માળખામાં ધરમૂળથી ફેરફાર કરાશે

# ગુજરાત કોંગ્રેસના સંગઠનને મામલે રાહુલે રિપોર્ટ માગ્યો

## બનાસકાંઠા ને ખેડા જિ.પં.માં કોંગ્રેસે બહુમતી મેળવી છતાં સત્તા કેમ ન મળી

અમદાવાદ, તા. ૧૭

રાજ્યમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં બનાસકાંઠા અને ખેડા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે બહુમતિ મેળવી હતી છતાં કોંગ્રેસના બળવાખોરોને લીધે કોંગ્રેસે બંને જિલ્લા પંચાયતોમાં સત્તાથી વંચિત રહેવું પડ્યું છે. આ મામલે એઆઇસીસીએ ગંભીર નોંધ લીધી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પાસે એઆઇસીસીના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ રીપોર્ટ માંગતા ગુરુવારે દિલ્હી જઇને બંને નેતાઓએ રાહુલ ગાંધીને રિપોર્ટ સબમીટ કરશે.

સૂત્રોના જણાવ્યા મુજબ બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના કેટલાક ચૂંટાયેલા સભ્યોનો ભાજપે પહેલાંથી જ સંપર્ક શરૂ કરી દીધો હતો. અને ઓપરેશન પાર પાડવાની જવાબદારી નરહરિ અમીનને સોંપવામાં આવી હતી. બનાસકાંઠાના સ્થાનિક અગ્રણીઓએ પ્રદેશના મોવડીઓનું આ અંગે ધ્યાન પણ દોર્યું હતું. છતાંયે બળવાખોર સભ્યોને સમજાવવાના કોઇ જ પ્રયાસો કરાયા ન હતા. એટલું જ નહીં છેલ્લી ઘડીએ મેન્ડેટ કોને આપવો એનો પણ નિર્ણય કરી શક્યા નહતા. બીજી બાજુ ભાજપે ખેલ પાડી દીધો હતો. ત્યાર બાદ ખેડા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની બહુમતી હોવા છતાં બળવાખોરોની મદદથી ભાજપ સત્તાના સૂત્રો હાંસલ કરશે એવા સમાચારો મિડીયામાં પ્રકાશિત થયા હતા. છતાં પણ કોંગ્રેસે ડેમેજ કંટ્રોલની કોઇ જ કવાયત કરી નહીં. ખેડા જિલ્લામાં કપડવંજની બેઠક પરથી વિપક્ષના નેતા શંકરસિંહ ચૂંટાયેલા છે. એટલે ખેડા જિલ્લા પંચાયત કોંગ્રેસની બને તેની વિશેષ જવાબદારી શંકરસિંહ વાઘેલાના શીરે હતી. છતાં પણ સત્તા ગુમાવવી પડી છે. ખેડા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસના માત્ર બે જ બળવાખોર સભ્યો હતા તેમને મનાવવા માટેના પ્રયાસો છેક સુધી કરાયા જ નહોતા.

પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાની પ્રમુખપદની મુદત પૂર્ણ થઇ ગઇ છે. એપ્રિલના અંત સુધીમાં કોંગ્રેસના નવા પ્રદેશ પ્રમુખની વરણી થઇ જશે. એટલે મોઢવાડિયા સંગઠનના પ્રશ્નોમાં કોઇ રસ દાખવતા નહીં હોવાનો કાર્યકરો આક્ષેપ કરી રહ્યા છે. ગુજરાત કોંગ્રેસના સંગઠનોને લીધે એઆઇસીસી પણ નારાજ છે. એઆઇસીસીના ઉપાધ્યક્ષ તરીકે રાહુલ ગાંધીએ કાર્યભાર સંભાળ્યો ત્યારથી તેઓ ગુજરાતના પ્રશ્નોમાં રસ લેવા લાગ્યા છે. જૂથબંધીને લીધે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ જીતી શકાતી નથી. રાહુલ ગાંધી પરિચિત છે. ગુજરાત પ્રદેશના સંગઠનમાં ધરમૂળથી ફેરફાર કરવાનો તખ્તો ઘડી કાઢવામાં આવ્યો છે. પ્રદેશનો કમાન્ડ યુવા નેતાને સોંપીને નિરાશ થયેલા કાર્યકરોમાં ફરીવાર ઉત્સાહ આણવાના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો રૂમ બંધ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧